# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation


રેફ નં. 

તા: ૨૪/૦૧/૨૦૧૮
સુરત

તંત્રી શ્રી, ____________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ કાળુભાઈ કડવાભાઇ વાડદોરીયાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી.

નામ : કાળુભાઈ કડવાભાઇ વાડદોરીયા ઉ. વ. ૬૦ બ્લડ ગ્રુપ: O +ve

વ્યવસાય : મોહનબાગ બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ એમ્બ્રોઇડરી યુનિટમાં

સાડીના દોરા કાપવાનું કાર્ય કરતાં હતા.

રહેવાસી : એ-૧, ૨૦૨, બીજો માળ, સ્વસ્તીક રેસીડેન્સી, પાસોદરા, કામરેજ સુરત.

મૂળ રહેવાસી : ગામ: કરજાળા, તા: સાવરકુંડલા, જી: અમરેલી

કૌટુંબિક વિગત : પત્ની: સ્વ: વિમલાબેન કાળુભાઈ વાડદોરીયા

પુત્રો: ૧. રમેશ કાળુભાઈ વાડદોરીયા ઉ. વ. ૩૧

કારગીલ ચોક વરાછામાં લેસ પટ્ટી મશીન પર કામ કરે છે.

૨. રસિક કાળુભાઈ વાડદોરીયા ઉ.વ. ૨૬

કારગીલ ચોક વરાછામાં સિલાઈ મશીન રીપેરીંગનું કાર્ય કરે છે.

૨...


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81041 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

મંગળવાર તા: ૨૩ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ કાળુભાઈ પોતાના ઘરેથી સવારે ૮:૦૦ કલાકે મોહનબાગ, બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ એમ્બ્રોઇડરી યુનિટમાં કામ ઉપર જઈ રહ્યા હતા ત્યારે નવજીવન હોટલની સામે જિબ્રા ક્રોસિંગ કરતીં વખતે એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં માથામાં ગંભીર ઈજાઓ થવાથી તેઓ બેભાન થઇ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં જી.બી. વાઘાણી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલમાં સવારે ૮:૩૦ કલાકે ડૉ. યોગેશ સતાણીની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

નિદાન માટે CT સ્કેન કરાવતાં હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

સવારે ૧૧:૦૦ કલાકે તેમનું હ્રદય બંધ થઇ જતા CPR આપીને તેમનું હ્રદય ફરી શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીજીશીયન ડૉ. પાર્થિવ દેસાઈએ કાળુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

જી.બી. વાઘાણી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. ચંદ્રેશ ઘેવારીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કાળુભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કાળુભાઈના પુત્રો રમેશ અને રસિક, ભાઈઓ ઘનશ્યામભાઈ અને અરવિંદભાઈ, ભત્રીજા રજની અને મિલન તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારજના સૌ સભ્યોએ જણાવ્યું કે આ એક ઈશ્વરીય કાર્ય છે. અમો વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશનના સમાચારો વાંચતા હતા. આજે જયારે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

**Nilesh Mandlewala**
President
+91 98250 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7852 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલી બંને કિડનીઓ સિદ્ધપુરની રહેવાસી મનીષા રમેશચંદ્ર મોદી ઉ.વ. ૩૭ અને લિવર અમદાવાદની રહેવાસી ધૃતિ હાર્દિક કનોજીયા ઉ. વ. ૨૭માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કાળુભાઈના પુત્રો રમેશ અને રસીક, ભાઈઓ ઘનશ્યામ અને અરવિંદ, ભત્રીજા રજની અને મિલન, ડૉ. કેતન વોરા, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીજીશ્યન ડૉ. પાર્થિવ દેસાઈ, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. ચંદ્રેશ ધેવરીયા, જી.બી. વાઘાણી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૩૭ કિડની, ૯૬ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૨૦૦ ચક્ષુઓનો દાન મેળવીને ૫૫૨ વ્યક્તિઓને</u> નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**